માં શક્તિ સેવા ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલા મહોત્સવમાં શ્રેષ્ઠ વેશભૂષા ધારણ કરનાર બાળકોને ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સહિત મહાનુભાવોના હસ્તે ઇનામ આપી સન્માનિત કરાયાં

# પાદરાના શ્રીજી બાળ ગરબા મહોત્સવમાં ભૂલકાઓની વેશભૂષા સાથે ગરબાની રમઝટ

**માં શક્તિ** સેવા ટ્રસ્ટના આયોજનનો હેતુ બાળકોમાં સંસ્કાર અને ભારતીય પરંપરાનું સિંચન કરવાનો રહ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.15
પાદરા શહેરમાં નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલ વચ્ચે બાળકોમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સંસ્કારોનું સિંચન થાય તેવા હેતુથી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે પાદરા ચતુરપાર્ક સોસાયટી સામે આવેલા સ્થળે માં શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રીજી બાળ ગરબા મહોત્સવમાં નાનાં ભૂલકાઓએ પોતાની અદભુત કળા, રંગબેરંગી વેશભૂષા અને ઉત્સાહભરી ગરબાની પ્રસ્તુતિથી ઉપસ્થિત સૌનાં મન મોહી લીધાં હતાં.



શ્રીજી બાળ ગરબા મહોત્સવમાં બાળકોએ પરંપરાગત અને આકર્ષક વેશભૂષા ધારણ કરીને ભાગ લીધો હતો. નાનાં ભૂલકાઓ વિવિધ રંગબેરંગી અને વિવિધ થીમ આધારિત પોશાકમાં સજ્જ થઈને ગરબાની રમઝટ બોલાવતા જોવા મળ્યાં હતાં. બાળકોના ચહેરા પરનો ઉત્સાહ, નિર્દોષ સ્મિત અને ગરબા પ્રત્યેનો ઉમંગ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યાં હતાં. બાળકોની સુંદર પ્રસ્તુતિ નિહાળીને ઉપસ્થિત દર્શકોએ આનંદ વ્યક્ત કર્યો હતો અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

આ મહોત્સવનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલી સુષુપ્ત પ્રતિભાને પ્રોત્સાહન આપવાની સાથે નવરાત્રિ પર્વનું સાંસ્કૃતિક મહત્ત્વ સમજાવવાનો અને નવી પેઢીને ભારતીય પરંપરાઓ સાથે જોડવાનો રહ્યો હતો. આવા કાર્યક્રમોના માધ્યમથી બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને તેઓ પોતાની કળા રજૂ કરવા માટે પ્રેરિત થાય છે.

કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ વેશભૂષા ધારણ કરનાર વિજેતા બાળકોને ઈનામ વિતરણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બાળકોને ઈનામ આપવામાં આવ્યાં હતાં. ઈનામ પ્રાપ્ત કરતાં બાળકોના ચહેરા પર ખુશી છલકાઈ ઊઠી હતી. પોતાની મહેનત અને સુંદર રજૂઆત બદલ ઈનામ મળતાં બાળકો આનંદિત થયાં હતાં, જ્યારે માતા-પિતાએ પણ પોતાનાં બાળકોની પ્રતિભા અને પ્રસ્તુતિ બદલ ગર્વની લાગણી અનુભવી હતી.

મહાનુભાવોએ બાળકોને પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ બાળકોમાં નાનપણથી જ સંસ્કાર, શિસ્ત, સંસ્કૃતિ અને ભારતીય પરંપરાઓ પ્રત્યે આદરની ભાવના કેળવાય તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

માં શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ બાળ ગરબા મહોત્સવે બાળકોને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે સુંદર મંચ પૂરો પાડ્યો હતો. નવરાત્રિના ધાર્મિક ઉત્સાહની સાથે બાળકોની કળા, આનંદ અને સંસ્કારનો સમન્વય જોવા મળ્યો હતો.

આવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા નવી પેઢી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓથી પરિચિત બને છે તેમજ બાળકોમાં રહેલી પ્રતિભાને યોગ્ય દિશા અને પ્રોત્સાહન મળે છે. પાદરામાં યોજાયેલો શ્રીજી બાળ ગરબા મહોત્સવ આ દિશામાં એક સુંદર પ્રયાસ બની રહ્યો હતો.

## બોડેલીમાં ખોડિયાર માતાજીના ચોકમાં પ્રાચીન ગરબાની અનોખી રમઝટ

(પ્રતિનિધિ) બોડેલી, તા.15
નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે બોડેલીમાં ભક્તિ, પરંપરા અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. બોડેલીની ભક્ત ઈંગ્લિશ મિડિયમ સ્કૂલની બાળાઓ દ્વારા ખોડિયાર માતાજીના ચોકમાં પ્રાચીન પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને માતાજીના પ્રાચીન ગરબાની સુંદર અને ભવ્ય રજૂઆત કરવામાં આવી હતી. માતાજીના ગરબાના તાલે બાળાઓએ અદભુત કળા, સુંદર તાલમેલ અને પરંપરાગત નૃત્યની રજૂઆત કરીને ઉપસ્થિત સૌનાં મન મોહી લીધાં હતાં. બાળાઓના ચહેરા પર ભક્તિભાવ, પગલાંમાં ગરબાનો તાલ અને પરંપરાગત વેશભૂષામાં



ઝળહળતી ગુજરાતી સંસ્કૃતિએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

આ સુંદર પ્રસ્તુતિ પાછળ દીપેનભાઈ સોનીની મહેનત અને માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યાં હતાં. તેમના માર્ગદર્શન હેઠળ બાળાઓએ પ્રાચીન ગરબાની વિશેષ તાલીમ મેળવી હતી, જેના પરિણામે ખોડિયાર માતાજીના ચોકમાં પરંપરાગત ગરબાની આકર્ષક રજૂઆત શક્ય બની હતી. આ કાર્યક્રમ માત્ર ગરબાની રજૂઆત પૂરતો સીમિત ન રહેતાં નવી પેઢીમાં પ્રાચીન સંસ્કૃતિ, માતાજીની આરાધના અને ગુજરાતી લોકપરંપરાને જીવંત રાખવાનો સુંદર પ્રયાસ બની રહ્યો હતો.

## હાડોદ ગામથી પદયાત્રા સંઘ પીપળીના નાગણેશ્વરી માતાજીના ધામે પહોંચ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.15
નવરાત્રિના પાંચમા નોરતે કરજણ તાલુકાના હાડોદ ગામથી નીકળેલો પદયાત્રા સંઘ પાદરા તાલુકાના પીપળી ગામે આવેલા સુપ્રસિદ્ધ શ્રી નાગણેશ્વરી માતાજીના મંદિરે પહોંચ્યો હતો. માતાજીના દર્શન અને આશીર્વાદ મેળવવા નીકળેલા ભક્તોએ સમગ્ર માર્ગ દરમિયાન ભજન, ગરબા અને 'જય માતાજી'ના નાદ સાથે ભક્તિમય માહોલ સર્જ્યો હતો.

હાડોદ ગામથી વહેલી સવારે 'જય માતાજી'ના જયઘોષ સાથે પદયાત્રાનો પ્રારંભ થયો હતો. યાત્રા દરમિયાન ભક્તોએ



માતાજીનાં ભજનો ગાઈને અને ગરબે ઘૂમીને ઉત્સાહભેર પદયાત્રા પૂર્ણ કરી હતી. અનેક કિલોમીટરનો માર્ગ પગપાળા કાપીને પદયાત્રા સંઘ બપોર બાદ પીપળી ગામે આવેલા શ્રી નાગણેશ્વરી માતાજીના મંદિર ખાતે પહોંચ્યો હતો.

મંદિર ખાતે પહોંચેલા પદયાત્રા સંઘનું મંદિર સંચાલક મંડળ અને ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મંદિરના પૂજારી શ્રી કુલદીપસિંહ રાઠોડ દ્વારા યાત્રિકોનું ફૂલહાર પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ માતાજીના મંદિરે ધાર્મિક વિધિ-વિધાન સાથે ધજા ચઢાવવામાં આવી હતી. સાથે જ નારિયેળ અર્પણ કરી મહાઆરતી યોજાઈ હતી. આ પ્રસંગે ભક્તોએ માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર મંદિર પરિસર 'જય નાગણેશ્વરી માતાજી'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

નવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે યોજાયેલી આ પદયાત્રાએ ભક્તિ, શ્રદ્ધા અને ધાર્મિક ઉત્સાહનો અનોખો માહોલ સર્જ્યો હતો. હાડોદથી પીપળી ધામ સુધીની આ પદયાત્રામાં ભક્તોએ માતાજી પ્રત્યેની પોતાની અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

## પાદરાના પ્રવેશદ્વારે ૨૦૦ વર્ષ જૂનું મહાકાળી માતાજીનું આસ્થાધામ

(પ્રતિનિધિ) પાદરા, તા.15
પાદરા નગરના પ્રવેશદ્વારે બિરાજમાન શ્રી માં મહાકાળી મંદિર વર્ષોથી શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. આશરે 200 વર્ષ પહેલાં અહીં માત્ર એક નાની ડેરી હતી. સમય જતાં ભક્તોની શ્રદ્ધા અને સેવાભાવના પરિણામે આ ડેરીનું મંદિર તરીકે નિર્માણ થયું અને આજે માં મહાકાળી ગામનાં રક્ષક દેવી તરીકે પૂજાય છે.

મંદિરના ઈતિહાસ મુજબ, શરૂઆતના સમયમાં મંદિરની આસપાસ ખેતીની જમીનો હતી. ખેતરે આવતા-જતા ખેડૂતો માતાજીનાં દર્શન કરતા અને



તેમના ગુણગાન ગાતા હતા. ધીમે ધીમે ગામના લોકો તેમજ આસપાસના વિસ્તારના ભક્તોની અવરજવર વધવા લાગી. સવાર-સાંજ માતાજીની સેવા કરતા ભક્તોના મનમાં ડેરીને મંદિરનું સ્વરૂપ આપવાનો વિચાર આવ્યો હતો.

કહેવાય છે કે માતાજીની પ્રેરણાથી આશરે સાતથી આઠ ભક્તો એકત્ર થયા અને સૌએ સાથે મળીને મંદિર નિર્માણનો સંકલ્પ કર્યો. ત્યારબાદ નાની ડેરીનું મંદિર તરીકે નિર્માણ કરવામાં આવ્યું. માતાજીની નિયમિત સેવા-પૂજા માટે મહંતની નિમણૂક પણ કરવામાં આવી હતી. સમય જતાં ભક્તોની સંખ્યા વધતાં મંદિરને વધુ વિશાળ બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

આશરે 30થી 35 વર્ષ પહેલાં મંદિરનો ગર્ભગૃહ યથાવત્ રાખીને બહારના ભાગનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આસો સુદ બીજના પવિત્ર દિવસે મંદિરનું પુનઃનિર્માણ પૂર્ણ થતાં માં મહાકાળીની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારથી મંદિરનું સંચાલન કરવા માટે કમિટીની રચના કરવામાં આવી અને ભક્તોના સહયોગથી મંદિરની સેવા-પૂજાની પરંપરા આગળ વધતી રહી છે. મંદિરના સંચાલન અને વિકાસમાં રામચંદ્રભાઈ પટેલ, હરીશભાઈ પટેલ, તુવેર દાળ મિલના સુરેશભાઈ ઠક્કર, રમેશભાઈ પ્રજાપતિ, ગૌરાંગભાઈ જોષી સહિતના ભક્તોનું યોગદાન રહ્યું છે. તમામ ભક્તો દ્વારા મંદિરની વ્યવસ્થા અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સહયોગ આપવામાં આવે છે.

ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે વિકાસકાર્યોનો પ્રારંભ

# ડભોઈ તાલુકામાં રૂ. ૩૫ કરોડના માર્ગ વિકાસકાર્યોનું ભૂમિપૂજન

(પ્રતિનિધિ) ડભોઈ, તા.15
ડભોઈ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના હેતુથી રૂ. ૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામનારા બે મહત્વપૂર્ણ માર્ગ વિકાસકાર્યોનું રાજલી ચોકડી ખાતે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આસો સુદ પાંચમના દિવસે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે રાજલી-મંડાળા રોડ અને ભીલાપુર-વણાદરા-મઢેલી રોડનું ભૂમિપૂજન કર્યું હતું.

રાજલી-મંડાળા રોડના નિર્માણ માટે રૂ. ૨૦ કરોડ



અને ભીલાપુર-વણાદરા-મઢેલી રોડ માટે રૂ. ૧૫ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવશે. આ બંને માર્ગોનું નિર્માણ પૂર્ણ થતાં ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને અવરજવરમાં સુગમતા મળશે તેમજ માર્ગ જોડાણ વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય શૈલેષ મહેતાએ જણાવ્યું હતું કે ડભોઈ મતવિસ્તારના નાગરિકોને વધુમાં વધુ સુવિધાઓ મળી રહે અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને વેગ મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ બંને માર્ગોના નિર્માણ માટે ગ્રાન્ટ મંજૂર કરવા બદલ તેમણે ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બોડેલીની નર્મદા મેઈન કેનાલમાં યુવાન ડૂબતાં લાપતા

**પોલીસ** અને તરવૈયાઓ દ્વારા કેનાલમાં શોધખોળ શરૂ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 15
બોડેલીની નર્મદા મેઈન કેનાલમાં યુવાન ડૂબતાં લાપતા, તરવૈયાઓની મદદથી શોધખોળ શરૂ 112 નંબર પર ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી, કામગીરી હાથ ધરી.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી વિસ્તારમાં આવેલી નર્મદા મેઈન કેનાલમાં એક યુવાન ડૂબી જતાં લાપતા બન્યો હોવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ, લાપતા થયેલો યુવાન છોટાઉદેપુરનો રહેવાસી હોવાનું



જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ 112 નંબર પર થતાં પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. યુવાનને બચાવવા માટે પોલીસ કર્મીઓ દ્વારા કેનાલમાં દોરડું નાખીને પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. સાથે જ તરવૈયાઓની મદદથી યુવાનની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. કેનાલમાં યુવાન લાપતા થતાં વિસ્તારમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. યુવાનની ઓળખ અને તેને શોધવા માટે હાથ ધરાયેલી કામગીરી અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

ભાજપના નેતાઓ પહોંચે તે પહેલાં AAPના પ્રમુખે કરી દીધી વિધિ

# ક્વાંટ તાલુકા પંચાયત ભવનના ખાતમુહૂર્તમાં રાજકીય ટકરાવ

(પ્રતિનિધિ) બોડેલી, તા.15
છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે રૂ. 2.87 કરોડના ખર્ચે નિર્માણ પામનારા તાલુકા પંચાયતના નવા ભવનના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે રાજકીય ટકરાવ જોવા મળ્યો હતો. સવારે 10 વાગ્યે ખાતમુહૂર્તનો સમય નિર્ધારિત કરાયો હતો. જોકે, ભાજપના સાંસદ, ધારાસભ્ય, રાજ્યસભાના સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ પહોંચે તે પહેલાં જ તાલુકા પંચાયતના AAPના પ્રમુખ અને પક્ષના આગેવાનોએ પૂજા-અર્ચના કરીને ખાતમુહૂર્તની વિધિ પૂર્ણ કરી દીધી હતી. આ ઘટનાને પગલે રાજકીય ગરમાવો



ફેલાયો હતો.

AAPના જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવાએ જણાવ્યું હતું કે કાર્યક્રમના નિર્ધારિત સમય મુજબ તાલુકા પંચાયતના પ્રમુખના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ક્વાંટની પ્રજાએ AAPને ચૂંટીને સત્તા સોંપી છે, પરંતુ સામે પક્ષ દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

બીજી તરફ, જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્ર રાઠવાએ AAPના પગલાં સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે તાજેતરની ચૂંટણીનાં પરિણામોને પગલે બોખલાઈને ભાજપના આગેવાનો આવે તે પહેલાં જ AAPના નેતાઓએ રાજકીય લાભ ખાટવા ખાતમુહૂર્ત કરી નાખ્યું હતું.

# બોડેલીના ઊંચાપાનમાં કૂવામાંથી યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર

(પ્રતિનિધિ) બોડેલી, તા. 15
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઊંચાપાન વિસ્તારમાં મુખ્ય નહેર પાસે આવેલા કૂવામાંથી 21 વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૃતકની ઓળખ પાવીજેતપુર તાલુકાના વાંકી ગામના તળાવ ફળિયામાં રહેતા રોહિતભાઈ ટીનાભાઈ નાયક તરીકે થઈ છે. યુવક બે દિવસથી ગુમ હોવાની વિગતો સામે આવતાં તેના મોતને લઈને અનેક સવાલો ઊભા થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રોહિતભાઈ બીજા નોરતે મિત્રો સાથે જામુઘોડા ખાતે નવરાત્રિ જોવા ગયા હતા. આ દરમિયાન તેઓ વનરાજ નાયક, રાહુલ નાયક સહિતના મિત્રો સાથે હોવાની માહિતી મળી છે. નવરાત્રિ જોઈને પરત ફર્યા



બાદ બે મિત્રો રોહિતભાઈની મોટરસાઈકલ તેમના ઘરે મૂકવા આવ્યા હતા. તે સમયે તેમના પિતાએ રોહિતભાઈ ક્યાં છે તે અંગે પૂછતાં મિત્રોએ તેઓ અન્ય મોટરસાઈકલ પર બેસીને આવી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

જોકે, ત્યારબાદ રોહિતભાઈ ઘરે ન પહોંચતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. દરમિયાન, ગુરુવારે વહેલી સવારે ઊંચાપાન મુખ્ય નહેર પાસે આવેલા નવીનભાઈ રાઠવાના ખેતરમાં ડાંગરના પાકમાં પાણી ચાલુ કરવા જતાં તેમની નજર ખેતરના કૂવામાં પડી હતી.

## વડુમાં લાઈટ-સિગ્નલ વગરના ડમ્પર પાછળ એક્ટિવા અથડાતાં યુવક ગંભીર ઘાયલ

(પ્રતિનિધિ) પાદરા, તા. 15
વડુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાદરા-જંબુસર રોડ પર આશીર્વાદ હોટલ અને કે.જી.એમ. ઓટો ગેરેજ નજીક રોડ પર ઊભેલા ડમ્પર પાછળ એક્ટિવા અથડાતાં 31 વર્ષીય યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. ધોબીકુવા ગામના રહેવાસી ધર્મેન્દ્રસિંહ પઢિયાર ડભાસા ગામની સીમમાં આવેલી કેર ગ્રુપ કંપનીમાં નોકરીએ જવા માટે એક્ટિવા લઈને નીકળ્યા હતા. દરમિયાન ડમ્પર પાછળ તેમની એક્ટિવા અથડાઈ હતી. ફરિયાદ મુજબ, ડમ્પર ચાલકે રોડ પર વાહન ઊભું રાખતી વખતે પાર્કિંગ લાઈટ કે સાઈડ સિગ્નલ ચાલુ રાખ્યાં નહોતાં. અકસ્માતમાં યુવકને માથા અને દાઢીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે વડુ પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડભોઈ-કરજણ માર્ગ પર દારૂ ભરેલી ઈનોવા, અંગૂઠણ પાસે ક્રેટા ઝડપાઈ

**દિવાળીના** તહેવારો પૂર્વે દારૂના ધંધા સાથે સંકળાયેલા તત્ત્વોમાં ફફડાટ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 15
ડભોઈ તાલુકામાં વિદેશી દારૂના વેચાણ સામે સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) અને જિલ્લા LCBએ ગુરુવારે વહેલી સવારે અલગ-અલગ સ્થળે કાર્યવાહી કરી દારૂ ભરેલી બે કાર ઝડપી પાડી હતી.

SMCના PI રાઠોડની ટીમે બાતમીના આધારે કરનેટ માર્ગ પર વોચ ગોઠવી વિદેશી દારૂ ભરેલી ઈનોવા કાર ઝડપી હતી.

જોકે, કારચાલક અને અંદર બેઠેલા શખસો ફરાર થઈ ગયા હતા. કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવતાં દારૂ મંગાવનાર, મોકલનાર અને ખેપિયાઓ સામે ગુનો નોંધી વધુ



તપાસ હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ, જિલ્લા LCBની ટીમે અંગૂઠણ પાસે વિદેશી દારૂ ભરેલી ક્રેટા કાર ઝડપી હતી. કારમાંથી રૂ. 5,66,822ની કિંમતની 1,848 બોટલો તથા રૂ. 5 લાખની કાર મળી કુલ રૂ. 10,66,822નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દિવાળીના તહેવારો પૂર્વે બંને એજન્સીઓની કાર્યવાહીને પગલે દારૂના ધંધા સાથે સંકળાયેલા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો હતો. સ્થાનિક પોલીસની હદમાં ઉપરની એજન્સીઓની કામગીરીથી પણ ચર્ચા જાગી હતી.

## સૂર્યાઘોડા પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

(પ્રતિનિધિ) પાદરા, તા. 15
બોડેલી તાલુકાની સૂર્યાઘોડા પ્રાથમિક શાળા ખાતે બી.આર.સી. કો-ઓર્ડિનેટર રાજુભાઈના અધ્યક્ષસ્થાને સી.આર.સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં સૂર્યાઘોડા સી.આર.સી. જૂથની 13 શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ ગણિત અને વિજ્ઞાન આધારિત વિવિધ પ્રયોગો, આકર્ષક મોડેલ્સ અને નવીન વિચારો રજૂ કરી પોતાની સર્જનાત્મકતા તથા વૈજ્ઞાનિક અભિગમનું પ્રદર્શન કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો અને શિક્ષકોએ વિદ્યાર્થીઓની કૃતિઓ નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓમાં ગણિત-વિજ્ઞાન પ્રત્યે રસ વધે, તાર્કિક વિચારશક્તિ વિકસે અને પ્રયોગાત્મક જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી આયોજન કરાયું હતું.

# સાવલી-ડેસર રોડ પર ડમ્પરની અડફેટે કાકા-ભત્રીજાનાં મોત

**ઓવરટેક** કરવા જતાં બાઇકને ટક્કર મારી ડમ્પરચાલક ફરાર, જીઆરડી જવાનનું ઘટનાસ્થળે મોત

(પ્રતિનિધિ) સાવલી, તા. 15
સાવલી-ડેસર રોડ પર બુધવારે મોડી રાત્રે પૂરઝડપે આવેલા ડમ્પરે બાઈકને અડફેટે લેતાં જીઆરડી જવાન સહિત બે યુવાનોનાં મોત નીપજ્યાં હતાં. ડમ્પરચાલક અકસ્માત સર્જીને ફરાર થઈ જતાં સાવલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડેસર તાલુકાના રાતડિયા ગામના રહેવાસી અજય રાજેશભાઈ સોલંકી (31) ડેસર પોલીસ મથકમાં જીઆરડી જવાન તરીકે ફરજ બજાવતા હતા. દિવાળીના તહેવારને પગલે તેઓ સાવલીમાં ફટાકડાની દુકાને મજૂરી કરવા જતા હતા. બુધવારે રાત્રે કામ પૂરું કરીને તેઓ પોતાના કુટુંબી કાકા મિતેશસિંહ બળવંતસિંહ સોલંકી (29) સાથે બાઈક પર ડેસર જઈ રહ્યા હતા.

રાસાવાડી ત્રણ રસ્તા નજીક ડમ્પરચાલકે અન્ય વાહનને ઓવરટેક કરવા જતાં સામેથી આવતી બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં અજયનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા મિતેશસિંહને સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત નીપજ્યું હતું.

ડેસર-વડોદરા માર્ગ પર ખનિજ ભરેલા ડમ્પરોની બેફામ ગતિને પગલે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. પોલીસે ફરાર ચાલકને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.